ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટન વિકસાવી રહ્યા છે સહુ પ્રથમ પાર્કિંગ પ્લાન

*રહેવાસીઓ, વ્યવસાયો અને સ્થાનિક હિસ્સાધારકોને પોતાના મત દર્શાવવા આમંત્રણ છે.*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (05 જાન્યુઆરી 2022) – બ્રૅમ્પટન શહેર જેમ જેમ ઝડપથી વિકાસ પામી રહ્યું છે તેમ તેમ શહેરમાં જે રીતે લોકો શહેરમાં ફરી રહ્યા છે તેમાં પરિવર્તન ચાલુ રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આયોજનમાં સુધારા લાવવા, પાર્કિંગના સંસાધનોનું વ્યવસ્થાપન કરવા, અને રહેવાસીઓ અને વ્યવસાયોની ભાવિ જરૂરિયાતોને પહોંચી વળવા સિટી ઓફ બ્રૅમ્પટન તેમની સહુ પ્રથમ આખા શહેરની પાર્કિંગ સમીક્ષા કરી રહ્યા છે.

પાર્કિંગની જરૂરિયાતોથી કિફાયતી આવાસના વિકાસની કિંમતો અને જમીન વપરાશ આયોજનો પ્રભાવિત થાય છે. આ પ્લાન રહેવાસીઓ અને વ્યવસાયોની જરૂરિયાતો વધુ સારી રીતે સંરેખિત કરવામાં મદદ મળશે જેથી તેઓ સંપૂર્ણ, સ્વાસ્થ્યપ્રદ અને ચાલી શકાય એવા સમુદાયો વિકસાવી શકે જેથી તમામ માર્ગ વપરાશકારોની જરૂરિયાતોને ધ્યાન પર લઈ શકાય અને તેમને ઉચિત રીતે સમાવી શકાય.

આ પ્રક્રિયા મારફતે સિટી પ્રવર્તમાન પડકારોની અને તકોની સમીક્ષા કરશે અને અન્ય ન્યાયક્ષેત્રોમાં રહેલ શ્રેષ્ઠ પ્રણાલિઓના માનકો સ્થાપશે. બ્રૅમ્પટન પાર્કિંગ પ્લાન નીતિઓ પર અને ભવિષ્યના વિશ્વસનીય પાર્કિંગ મેનેજમેન્ટ અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો અને ભલામણો પૂરી પાડશે.

**બ્રૅમ્પટન પાર્કિંગ પ્લાનનો વિકાસ**

પ્લાનનો પ્રથમ તબક્કો પાર્કિંગના મુદ્દાઓ અને સિટીના વ્યાપક આર્થિક, સામાજિક અને પર્યાવરણીય લક્ષ્યો વચ્ચેની કડીઓની સમીક્ષા કરશે જેથી વિઝન અને પોલિસી ફ્રેમવર્ક વિકસાવવામાં આવી શકે.

બીજા તબક્કામાં સિટીની અંદરના પાર્કિંગ માટેના વેપાર અને નાણાકીય મોડેલ માટેની ભલામણો સમીક્ષા માટે રજૂ કરવામાં આવશે.

પહેલવહેલી પાર્કિંગની વ્યુહરચનાના સમર્થનમાં સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા IBI ગ્રૂપની સેવાઓ રાખવામાં આવી છે. બ્રૅમ્પટન પ્લાન અને હાઉસિંગ બ્રૅમ્પટન સહિતની અન્ય પ્રવર્તમાન વ્યુહરચનાઓ સાથે આ પ્લાનને સંરેખિત કરવામાં આવશે.

**પોતાનો મત દર્શાવો**

વ્યવસાયો, બિન-નફાકારક જૂથો અને ટેક્સી અને પરિવહન ઉદ્યોગો સહિત રહેવાસીઓ અને હિસ્સાધારકોને આ અધ્યયન વિશે વધુ જાણકારી

મેળવવા અને પ્રતિસાદ આપવા માટે ગુરુવાર, જાન્યુઆરી 13 ના રોજ સાંજે 6 થી 8 વાગ્યા સુધી ઑનલાઇન જોડાણ સત્રમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.

ઓનલાઈન સર્વેક્ષણ પણ 28 જાન્યુઆરી સુધી ઉપલબ્ધ છે.

ઈવેન્ટ માટે રજિસ્ટર કરાવવા માટે સર્વેક્ષણ પૂર્ણ કરવા અને વધુ જાણવા માટે અહીં મુલાકાત લો brampton.ca/parkingplan

**સુવાક્યો**

"તાજેતરના વર્ષોમાં બ્રૅમ્પટનમાં પરિવહન કોરિડોરમાં યાતાયાત વધી છે અને ટ્રાન્ઝિટમાં થતી મુસાફરી નોંધપાત્ર રીતે વધી છે. આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે મહત્ત્વનું છે કે આપણે તે સમજવા માટે હિસ્સાધારકો સાથે પ્રવૃત્ત થઈએ કે હાલમાં આપણા માર્ગો કેવી રીતે ઉપયોગમાં લેવાય છે અને આપણે ભવિષ્યમાં શ્રેષ્ઠ આયોજન કેવી રીતે કરી શકીએ. પ્રવૃત્ત થવાના સત્રમાં સહભાગી થવા અને પ્રતિભાવ આપીને આ પ્રક્રિયાનો ભાગ બનવા માટે હું બધાને પ્રોત્સાહિત કરું છું."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન પાર્કિંગ પ્લાન આપણને ભવિષ્યની વ્યુહરચના કરવા માટે માહિતી પૂરી પાડશે. અમે તમામ રહેવાસીઓ અને હિસ્સાધારકોને આ પ્રક્રિયામાં સહભાગી થવા જણાવી રહ્યા છીએ જેથી બ્રૅમ્પટન જેમ જેમ વિકાસ પામશે તેમ તેમ પાર્કિંગ કેવો આકર લેશે તેનું આયોજન કરવામાં અમને મદદ મળે.

- *માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4 પ્રમુખ, પ્લાનિંગ એન્ડ ડેવેલપમેન્ટ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન પાર્કિંગ પ્લાન અમને પાર્કિંગની તકો ઓળખવા માટેની આવશ્યક માહિતી પૂરી પાડશે જેથી વધુ હોશિયારી અને વિશ્વસનીયતાથી આયોજન કરી શકાય. અમારા મ્યુનિસિપલ ભાગીદારો સાથે અને સમુદાયના સભ્યો સાથે કાર્ય કરીને અમે બ્રૅમ્પટનની ભાવિ અને હાલની જરૂરિયાતો છતી કરતો વ્યાપક પ્લાન બનાવી શકીશું.

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**

પ્રભજોત કૈન્થ

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)

વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)

સીટી ઓફ બ્રૅમ્પટન

905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca